# ૭. કરો રમકડાં કૂચકદમ

9G6H56


ટરરર ટરરર ઢમ ઢમ ઢમ,
કરો રમકડાં કૂચકદમ !
હાથીભાઈ, ચાલે આગળ પાછળ ઊંટ સવારી ;
ખડાક ખડબડ ઘોડો દોડે, ને શી છટા અમારી !
ચલો સૈનિકો કદમ કદમ,
કરો રમકડાં કૂચકદમ !
ઉપર ઘરરર વિમાન ગરજે નીચે લશ્કર - ગાડી ;
ભરી બંદૂકે સૈનિક સાથે ચાલો હાકલ પાડી.
'હોશિયાર' નો કરી હુકમ,
કરો રમકડાં કૂચકદમ !
બા તો હોઠે ધરે આંગળી, બાપા અચરજ પામે ;
મોટાભાઈ પૂછે, 'ચડાઈ કરી કહો કયા ગામે ?'
કહો, ખુદાના ખાઈ કસમ,
કરો રમકડાં કૂચકદમ !
મેજ ઉપર હું છટાથી બોલું કાઢી છાતી,
'હિંદ દેશના રક્ષણ કાજે, સેના સરહદ જાતી.'
ટરરર ટરરર ઢમ ઢમ ઢમ,
કરો રમકડાં કૂચકદમ !





## શબ્દાર્થ

છટા – શોભા, અદા ; હાકલ – હાક, પોકાર ; હોશિયાર – સાવધાન ; હુકમ – ફરમાન; અચરજ – નવાઈ ; ખુદા – ભગવાન ; કસમ – સોગંદ ; મેજ – ટેબલ ; સરહદ – સીમા ; કાજે – માટે





## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- લશ્કરી કૂચ, કવાયત, પરેડ વિષયક ચર્ચા
- પ્રસ્તુત કાવ્યમાં કરેલી રમકડાંની કૂચ બાબત પ્રશ્નોત્તર
- રમકડાંની કૂચ બાબત બા, બાપુજી, મોટાભાઈના પ્રતિભાવ બાબત
- સૈનિકોની કૂચ અને સરહદ બાબત ચર્ચા

## સ્વાધ્યાય



સ. ૧ એક શબ્દમાં જવાબ લખો.

૧) રમકડાંની કૂચમાં સૌથી આગળ કોણ ચાલે છે ? ..............................

૨) હાથીની પાછળ કોણ છે ? ..............................

૩) સૈનિકોના હાથમાં શું છે ? ..............................

૪) દેશના રક્ષણ કાજે સેના ક્યાં જાય છે ? ..............................

સ. ૨ કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દ શોધીને લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) સવારી | – ..................... | ૨) ગાડી | – ..................... |
| ૩) પામે | – ..................... | ૪) છાતી | – ..................... |

સ. ૩ આડાઅવળા અક્ષરો ગોઠવીને યોગ્ય શબ્દ બનાવો.

| | | | |
|---|---|---|---|
| ૧) મરડાંક | – ..................... | ૨) નમાવિ | – ..................... |
| ૩) શિરચાહો | – ..................... | ૪) કૂકમદચ | – ..................... |
| ૫) રઅચજ | – ..................... | ૬) દરસહ | – ..................... |

સ. ૪ ઢોલ વાગે ઢમ ઢમ તેવી રીતે ...... નીચે જવાબ લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) હોર્ન વાગે | – ..................... | ૨) ઝાંઝર વાગે | – ..................... |
| ૩) ઘંટ વાગે | – ..................... | ૪) ડમરું વાગે | – ..................... |
| ૫) ઘૂઘરા વાગે | – ..................... | ૬) સોટી વાગે | – ..................... |

સ. ૫ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો.

૧) બા તો હોઠે ધરે આંગળી ............ બોલું કાઢી છાતી.

૨) મોટાભાઈ પૂછે, ચડાઈ .............. સેના સરહદ જાતી.

૩) મેજ ઉપર હું છટાથી ................ બાપા અચરજ પામે.

૪) હિંદ દેશના રક્ષણ કાજે .............. કરી કહો ક્યા ગામે ?

### વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | | | |
|---|---|---|---|
| ૧) સૈનિકો | – .................. | ૨) લશ્કર | – .................. |
| ૩) રક્ષણ | – .................. | ૪) ઊંટ | – .................. |
| ૫) ટરરર | – .................. | ૬) કૂચકદમ | – .................. |

### ઉપક્રમ

વર્ગના મિત્રો સૈનિક બની કૂચ કરવાનું પ્રાત્યક્ષિક કરો.
કૂચ કરતાં કરતાં આ કાવ્યનું સમૂહગાન કરો.



### હું વાંચું .... તમે પણ વાંચો

**દોડી જાવું મારે**



વીડિયો ગેમ ને ટી. વી. છોડી નીકળી પડવું મારે,
હાઈકિંગ, ટ્રેકિંગ કરવા દોડી જાઉં નદીની ધારે.
માટીને ખૂંદી લેવી છે, ફૂલો ચૂંટી લેવા,
કાંટા વાગે, ભલે ને વાગે અહીં શું લેવા દેવા.
રાજમાર્ગ છોડી ચાલીશું કેડીની પગથારે,
વીડિયો ગેમ ને ટી. વી. છોડી નીકળી પડવું મારે.
વેકેશનમાં દૂર જઈને રમશું નેચર નેચર,
કોણ કહે છે નેચર, એ તો પોતે જાણે ઈશ્વર.
હું પોતે છું હલકી ફુલકી અને છે આ વાતો ભારે,
વીડિયો ગેમ ને ટી. વી. છોડી નીકળી પડવું મારે.

– દિલીપ રાવલ

**નિયમિત વ્યાયામથી શરીર સ્વસ્થ રહે છે.**